ગાંધીનગર સમાચાર
તા. ૫-૨-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### ‘આપ’ અને ‘ભાજપ’નું દ્વંદ્વયુદ્ધ

દિલ્હી શબ્દના મૂળમાં ‘દેહલી’ શબ્દ છુપાયો છે. દેહલી એટલે ઉંબરો. દિલ્હી યુગોથી હિંદુસ્તાનની રાજધાની રહી છે. એ દેશનો ઉંબરો છે. બહારથી આવેલી પ્રજાઓ માટે એ ભારતવર્ષનું પ્રવેશ દ્વાર છે. આજકાલ દિલ્હી આગામી લોકસભાની ચૂંટણી માટેની ઝુંબેશનું કેન્દ્ર સ્થાન બની રહેલ છે. બે વર્ષ અગાઉ અણ્ણા હજારે દ્વારા શરૂ કરાયેલ ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલનનું ફરજંદ છે આમ આદમી પાર્ટી, જેણે પહેલી જ વાર ઝાડુના પ્રતીક પર ચૂંટણી લડીને દિલ્હી રાજયની સત્તા હસ્તગત કરી છે. સૌથી મોટા પક્ષ તરીકે ઊપસી આવેલ ભારતીય જનતા પાર્ટી માટે ત્રણ-ચાર ધારાસભ્યોને કોંગ્રેસ કે ‘આપ’માંથી પક્ષપલટો કરાવવાનું અઘરું નહોતું. કદાચ નવી અને સિદ્ધાંતને વરેલી આમ આદમી પાર્ટીના સભ્યોને ખેરવવા અઘરા પડે તો કોંગ્રેસના આઠ પૈકી કેટલાકને મંત્રીપદ અને નાણાંની લાલચ આપી જરૂર ખેરવી શકાયા હોત. નરેન્દ્ર મોદી અને અરુણ જેટલી જેવા જમાનાના ખાધેલ રાજકારણીઓ માટે એ ડાબા હાથનો ખેલ હતો, પરંતુ એમ કરવાથી દેશ આખામાં ‘ભાજપ’ અને એના ઘોષિત વડાપ્રધાનપદના ઉમેદવાર વિશે અત્યંત નકારાત્મક સંદેશ જવાની શકયતા હતી. આથી વ્યૂહાત્મક ચોખલિયાપણું દાખવી ભાજપે વિપક્ષમાં બેસવાનું પસંદ કર્યું હતું. મૂળે ભાજપને સરકાર તો બનાવવી હતી પણ કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી પૈકી કોઈનો ટેકો મળી શકે એમ નહોતો. કોંગ્રેસ સાવ ધોવાઈ ગઈ હતી પરંતુ એ પોતાના કટ્ટર વિરોધી ભાજપને સત્તાથી દૂર રાખવા ગમે તે હદે જવા તૈયાર હતી. આથી શીલા દીક્ષિતને સીધી ટક્કર આપી ઘર ભેગાં કરનાર અને કોંગ્રેસના તમામ નેતાઓને જેલ ભેગા કરવાની દાનત ધરાવનાર કેજરીવાલને વ્યૂહાત્મક ટેકો આપવામાં કોંગ્રેસની નેતાગીરીને લાંબાગાળાનો લાભ દેખાયો હતો. ‘આપ’ના શાસનમાં ડગલે ને પગલે બેઉ રાષ્ટ્રીય પક્ષોએ વ્યવધાનો નાખ્યાં, છતાં કેજરીવાલ અને એમના સાથીઓ મક્કમપણે એમનાં અઢાર વચનો પૂરાં કરવા મથતા રહ્યા છે. એમની પાસે પ્રજાને અપેક્ષા હોય એ તો સમજી શકાય પરંતુ એ અપેક્ષાઓને સતત સંકોરવાની અને ઉશ્કેરવાની એક પણ તક આ બેઉ રાષ્ટ્રીય પાર્ટીઓએ જવા દીધી નથી. કેજરીવાલ હરહંમેશ એક જ વાત પર અડગ રહ્યા છે કે કોંગ્રેસ કે જદ(યુ)ના સભ્યોને ઉચિત લાગે તો ટેકો આપતા રહે પણ એથી એમની ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધની ચળવળ અટકશે નહીં. આમ આદમી પાર્ટી પાસે કોઈ જામેલા રાજકીય પક્ષ જેવું તંત્ર ન જ હોય તે સ્વાભાવિક છે. વળી બધા જ નવા માણસો છે એટલે એમની પાસ વહીવટી અનુભવનો પણ દેખીતો અભાવ છે. હજી માત્ર ભ્રષ્ટાચાર નાબૂદીના એક મુદ્દાના કાર્યક્રમ પર જ એ મુસ્તાક છે. કોંગ્રેસ અને ભાજપ કે અન્ય રાજકીય પક્ષોની જેમ હજી વિવિધ મુદ્દાઓ પર ‘આપ’ની વિચારધારા પણ સ્પષ્ટ થઈ નથી. સીધું જ કીડીના મોઢામાં કાલિંગડું આવી પડતાં જે અરાજકતા સરજાય તે ‘આપ’ના એકાદ મહિનાના શાસનકાળમાં દૃષ્ટિગોચર થઈ છે. સરકાર ચલાવવી અને આંદોલન ચલાવવું એ બે તદ્દન જુદી જ બાબતો છે. દિલ્હીના મુખ્યમંત્રીએ નિખાલસ કબૂલાત કરી છે કે`મુખ્યમંત્રી બની જવું એ એમનું અંતિમ ધ્યેય નથી. એમની મૂળ રગ એકિટવિસ્ટની છે અને તે આજીવન અન્યાય તથા ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઝઝૂમતા રહેશે. કોંગ્રસના ટેકાથી સરકાર ચાલતી હોવા છતાં અને કોઈ પણ ક્ષણે કોંગ્રેસ ટેકો પાછો ખેંચી લે તો ઘરભેગા થઈ જવાની શકયતા છતાં કેજરીવાલ બાકીના બધા કોંગ્રેસી આગેવાનો ઉપરાંત સોનિયા અને રાહુલ સામે ભ્રષ્ટાચારના આક્ષેપ કરતા ફરે છે, એમને સંસદમાં પ્રવેશતાં અટકાવવા તમામ પ્રયત્નો કર ીછૂટવાનો પડકાર ફેંકે છે. કોંગ્રેસ દ્વારા નિયુક્ત મહિલા આયોગનાં અધ્યક્ષા બરખાસિંહને પાણીચું પકડાવવાની પેરવી કરી ચૂકેલી સરકારને કોંગ્રેસ એની ગરજે ટેકો આપી ઓછામાં ઓછી આગામી લોકસભાની ચૂંટણી સુધી ટકાવી રાખવા કૃતસંકલ્પ છે જ્યારે ભાજપ માટે આમ આદમીનું સત્તામાં રહેવું તે એક મસમોટો પડકાર બની રહેલ છે. સોશિયલ મિડિયા પર કેજરીવાલ નરેન્દ્ર મોદીને માત આપતા દેખાયા ત્યારથી ભાજપનું મોવડીમંડળ જ નહીં, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પણ ચિંતામાં પડી ગયેલ છે. તેથી યેન કેન પ્રકારેણ ‘આપ’ અને કેજરીવાલને બદનામ કરવાના કારસા ઘડાઈ રહ્યા છે. બિન્નીનો બળવો દેખીતી રીતે ભાજપ પ્રેરિત જ હોવાનું લોકો માની રહ્યા છે. યોગ ગુરુ રામદેવ અને કિરણ બેદી જેવાં ભાજપનાં શુભેચ્છકો તો શરૂ શરૂમાં ભાજપ અને ‘આપ’ને એક સૂત્રમાં બાંધવા પ્રયાસ કરતાં રહ્યા. કેજરીવાલના કહેવાતા ગુરુ અણ્ણા હજારેને પણ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે ઠંડા પાડી દીધા હતા. આ જ અરુણ જેટલી અણ્ણા હજારેના જનલોકપાલ આંદોલનના મંચ પર આજના ‘આપ’ના આગેવાનો સાથે જઈને બેઠા હતા અને ભાષણ કરી આવ્યા હતા. પરંતુ થોડા ચુનંદા સાથીદારો સાથે કેજરીવાલે કોંગ્રેસ અને ભાજપ બેઉથી અળગા રહી આગવી ઓળખ ઊભી કરી એ બધાની દુશ્મનાવટ વહોરી લીધી હતી. છેલ્લે  બીજો કોઈ ઉપાય બાકી નહીં રહેતા ભાજપ દ્વારા ‘આપ’ના ધારાસભ્યોને સામ, દામ દ્વારા હાથ પર લેવાના પ્રયાસો થઈ રહ્યા હોવાની ખાતરી થતાં આમ આદમી પાર્ટીના સંનિષ્ઠ ધારાસભ્ય મદનલાલે પ્રેસ સમક્ષ આવી જે ઘટસ્ફોટ કર્યો છે તે ચોંકાવનારો છે. પ્રેમ, યુદ્ધ અને રાજકારણમાં બધું જ જાયઝ ગણાતું હોઈ જેટલી અને મોદી દ્વારા આવા પ્રયાસો નહીં જ થયા હોય એમ માનવાને કોઈ કારણ નથી. અગ્નિ વગર ધુમાડો શકય નથી. ભાજપ દ્વારા થયેલ વિવિધ પ્રકારની લહાણીની ઓફરના પુરાવા મદનલાલ પાસે ન જ હોય. જ્યારે મતગણતરીની આગલી રાતે અમેરિકાથી ફોન આવ્યો હોય ત્યારે મદનલાલ ટેપરેકર્ડર ચાલુ કરીને ન બેઠા હોય કે ગુજરાતથી આવેલ કોઈ સત્તાના દલાલે સંપર્ક કર્યો હોય ત્યારે ધારાસભ્યે એની વિડિયોગ્રાફી ન જ કરાવી હોય તે સમજી શકાય એમ છે. પરંતુ જે પ્રકારની વિકટ પરિસ્થિતિમાં ભાજપ મુકાઈ ગયેલ છે અને દિલ્હીમાં ‘આપ’ની સરકારને કારણે મિડિયાથી માંડી આમ જનતા સુધી એનો પ્રભાવ ઓસરી રહ્યો છે, તે વખતે છેક હોઠ લગી આવી ગયેલો સત્તાનો પ્યાલો છેલ્લી મિનિટે, કેજરીવાલ ઝૂંટવી ભલે ન લઈ શકે પણ ઢોળી તો નાખે જ- એવી દહેશત નરેન્દ્ર મોદી, જેટલી અને રાજનાથથી લઈ સામાન્ય ભાજપ કાર્યકરના હૈયે પેસી ગઈ છે- તે હકીકત નકારી શકાય એમ નથી.

# ગાંધીનગરમાં મુંબઈ ખાતે યોજાનાર ટી-૨૦ ચેલેન્જર્સ લીગનું સિલેક્શન કરાશે

ગાંધીનગર, તા. ૪

દેશમાં ક્રિકેટની રમતને યુવાનો પોતાની પ્રિય રમત બનાવી ચૂકયા છે. આજે દેશના દરેક રાજયોના ગામડાના ખૂણે-ખૂણામાં ક્રિકેટ રમતા ખેલાડીઓ જોવા મળશે. ત્યારે ક્રિકેટના મુખ્ય પ્રવાહધારાથી વંચિત રહેલા ખેલાડીઓ માટે મુંબઈની પ્લે પ્રો સ્પોર્ટસ તરફથી મુંબઈ ચેલેન્જર્સ લીગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને નોકરી આપવામાં આવશે. જેનું સિલેક્શન જીમખાના સે. ૨૧ ખાતે કરવામાં આવશે.

મુંબઈની પ્લે પ્રો સ્પોર્ટસ દ્વારા ટી-૨૦ એમસીએલ (ટેલેન્ટ સર્ચ ટુર્નામેન્ટ) ક્રિકેટના ભગવાન ગણાતા સચીન રમેશ તેંડુલકરના જન્મદિવસથી મુંબઈ ખાતે મુંબઈ ચેલેન્જર્સ લીગ યોજવામાં આવશે. જેમાં દેશના ચાર રાજયોના ખેલાડીઓ ભાગ લેશે.

ચાર રાજ્યોમાં ૪૦ પસંદગી સેન્ટર પરથી ઉત્કૃષ્ઠ ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે. ત્યારે ગુજરાત રાજયને બે ભાગમાં વહેંચવામાં આવ્યું છે. જેમાં ઝોન-૧માં અમદાવાદ, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર રહેશે. જ્યારે ઝોન-૨માં વાપી, દમણ, નવસારી અને ભરૂચ રહેશે.

ચેલેન્જર્સ લીગમાં ઝોન પ્રમાણે જિલ્લાની ટીમોની પસંદગી કરવામાં આવશે. જેમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓની એક ટીમ બનાવી મુંબઈ ખાતે રમવા માટે જશે. સ્પર્ધામાં વિજયી દેખાવ કરનાર પ્રતિભાશાળી જરૂરીયાતમંદ ખેલાડીઓને સ્પોર્ટસ દ્વારા નોકરી આપવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાના ખેલાડીઓનું સિલેક્શન તા. ૯ ફેબ્રુઆરી રવિવાર, જીમખાના સે. ૨૧ ખાતે કરવામાં આવશે. પસંદગી માટે આવનાર ખેલાડીએ પોતાનો ડ્રેસ અને કીટ સાથે લઈને આવવાનુ રહેશે. તેમજ ઓનલાઈન રજીસ્ટ્રેશન www.play pro sports.in. પર કરાવી શકાશે. ઝોન-૧ હેડ. પ્રો. ચન્દ્રકાન્ત ચૌહાણ અને ઝોન-૨ હેડ તરીકે પ્રગ્નેશભાઈ ગોસ્વામી ફરજ બજાવશે.

# ગાંધીનગરની ચૈતન્ય સ્કૂલમાં ૧૦મો ખેલોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની ચૈતન્ય સ્કૂલમાં ૧૦મો વાર્ષિક ખેલોત્સવ શાળાના ક્રિંડાગણમાં યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે ભૂતપૂર્વ ડી.જી. ઓફ પોલીસ કે. નિત્યાંનદમ ઉપસ્થિત રહ્યા હતા.

૧૦મા વાર્ષિક ખેલોત્સવમાં ચૈતન્ય સ્કૂલના ભણતા કે.જી. થી ધોરણ-૯ સુધીના બાળકોએ રેઈન્બો ડીલ રજુ કરી હતી. તેમજ ફ્લેગ રેસ, બડસ એન બીડ્સ, ગેટ રેડી ફોર ધ સ્કૂલ જેવી વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તેમજ બાળકોએ ડ્રમના તાલે અલગ-અલગ પરેડ રજુ કરી હતી. શાળાની પરંપરા મુજબ સ્પોર્ટસ મશાલ જલાવી પ્રતિજ્ઞા લઈ શાળાગાન કરવામાં આવ્યું હતું. સાથે સાથે બાળકોએ સસલા અને કાચબાની વાર્તા રજુ કરી ટીમ વર્કનો સંદેશ આપ્યો હતો.

વિદ્યાર્થીઓની શારીરિક શક્તિઓનો વિકાસ થાય તે હેતુથી પણ લાંબીકૂદ, ઊંચીકૂદ, દોડ, ગોળાફેંક જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. અને સાળામાં વાલીઓ માટે ગ્રાન્ડ પેરેન્ટસ રેસ યોજવામાં આવીહતી. જેમાં ઉપસ્થિત તમામ વાલીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં શાળાના ડાયરેક્ટર શ્રીમતી ઈલિઝાબેથ કોશી, નલીની સુબ્બારાવ, સી.કે. કોશી, વી.વી. સુબ્બારાવ, આચાર્ય પ્રિતા પિલ્લાઈ ઉપસ્થિત રહ્યા હતા અને વિજેતા સ્પર્ધકોને ટ્રોફી, શિલ્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

# પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સમારોહ ‘ત્રિદલમ’નો પ્રારંભ

અમદાવાદ, તા.૪

પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સમારોહ ‘ત્રિદલમ’નો દીપ પ્રાગટય કરી મંગલ પ્રારંભ રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી રમણલાલ વોરાએ ટાગોર હોલ, અમદાવાદ ખાતે સંગીતરસિકો અને ભાવકોની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે ત્રિદિવસીય ચાલનારા આ સંગીત સમારોહમાં શાસ્ત્રીય સંગીતની સુરાવલીઓ માણવા યોગ્ય છે.

આ પ્રસંગે ગઈ કાલે સપ્તક સ્કુલ ઓફ મ્યુઝિકના વિદ્યાર્થીઓ દ્વારા ‘સરસ્વતી વંદના’ સુંદર રીતે રજૂ કરાઈ હતી. તો અમદાવાદના શ્રી મહેન્દ્ર ટાંક દ્વારા શાસ્ત્રીય ગાયન અને ચેન્નાઈના શ્રી આધ્તિ રવી દ્વારા બાંસુરી વાદન અને ભોપાલના શ્રી ગુંડેચા બ્રધર્સે રાગ બાગેશ્રીના શાસ્ત્રીય રાગથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સમારોહના બીજા દિવસે મુંબઈના શ્રી અહેસાન એહમદે શાસ્ત્રીય ગાયન, જયપુરના પંડિત કૃષ્ણમોહન ભટ્ટનું સિતારવાહન અને પૂનાના શ્રી સૌનક અભિષેકીના શાસ્ત્રીય ગાયન દ્વારા વાતાવરણમાં સૂર અને લયના સમન્વયની સરવાણી વહેશે. તો ત્રીજા અને અંતિમ દિવસે હાજી ઉત્સાદ શૌકત હુસેન નિયાઝી, અમદાવાદનું શાસ્ત્રીય ગાયન શ્રી હેમંત ભટ્ટ-પખવાજ, શ્રી પૃથ્વી મિશ્રા-તબલા અને શ્રી શિશિર ભટ્ટ-સંગતકાર અને સંગીત માર્તંડ પદ્મ વિભૂષણ પંડિત જસરાજ શાસ્ત્રીય ગાયન દ્વારા તાલવાદ્ય અને તારવાદ્યના અનોખા સંગમનો પરિચય કરાવશે.

આ પ્રસંગે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવશ્રી ભાગ્યેશ જ્હા, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના સભ્ય સચિવશ્રી જી.એચ. ખાન અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના નવનિયુકત અધ્યક્ષશ્રી યોગેશ ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...



પપ્પા આજથી ભણવાની ટક ટક કરશો નહિ, મેં ગ્રેજ્યુએશન સુધીનું ભણતર ડાઉનલોડ કરી લીધું છે...!!

# દલિત સાહિત્ય અકાદમીનું અધિવેશન યોજાયું

ગાંધીનગર, તા.૪

ભારતીય દલિત સાહિત્ય અકાદમી ગુજરાત પ્રદેશનું અધિવેશન તાજેતરમાં અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ પ્રદેશના ઉપાધ્યક્ષ અને મહામંત્રીની વરણી કરવામાં આવી હતી.

દલિત સાહિત્ય અકાદમી દેશના તમામ રાજયોમાં કાર્યરત છે. આ સંસ્થા સાહિત્ય, સામાજીક, શૈક્ષણિક તેમજ કલાક્ષેત્રે આગવી ઓળખ કરનાર પ્રતિભાઓનું સન્માન સમારોહ અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો. તેમજ કાર્યક્રમમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં ઉપાધ્યક્ષ પદે ડી.કે. વાઘેલા અને મહામંત્રી તરીકે કમલેશ જોષીની બનહરીફ વરણી કરવામાં આવી હતી.

# અમદાવાદમાં આંગણવાડીઓના બાળક માટે ૧૦ લાખના ખર્ચે કાર્યક્રમ થયો

અમદાવાદ, તા.૪

અમદાવાદ શહેરમાં ૨૯મી જાન્યુ ૨૦૧૪ના રોજ મહેસુલ મંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં આંગણવાડીઓના બાળકો માટે ૧૦ લાખના ખર્ચે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અમદાવાદ મ્યુનિ. કોર્પો. દ્વારા સરકારની ૧૦૦ટકાની ગ્રાન્ટથી ચાલતી આઈસીડીએસ પ્રોજેક્ટ અંતર્ગત મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારમાં કુલ ૨૦૪૯ આંગણવાડીઓનું સંચાલન કરવામાં આવે છે. જેમાં કુલ ૧૩૮૧૨ સગર્ભા માતાઓ, ૧૪૭૯૦ ધાત્રી માતાઓ અને ૧૭૯૯૫૭ બાળકો આ યોજનાનો લાભ મેળવે છે. જેમાં ૨૯ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ બાળકોના ટેલેન્ટ જાણવા માટે ડાન્સ, વકૃત્વ સ્પર્ધા જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેની પાછળ રૂા.૧૦ લાખનો ખર્ચો થયો હતો.

પરંતુ ચાલુ વર્ષના મ્યુનિ.કોર્પોના હેલ્થખાતાના બજેટમાં સ્લમ વિસ્તારમાં બાળકોના સ્પર્ધા માટે રૂા.૨૦ લાખ ફાળવવામાં આવ્યા છે પણ રૂા.૧૦ લાખ જેટલો જ ખર્ચ સ્ટેજની વ્યવસ્થા, બેન્ડ-મ્યુઝીક સીસ્ટમ, બાળકો માટે નાસ્તાની વ્યવસ્થા, ઈનામો વિતરણના ખર્ચ પાછળ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, કોર્પો દ્વારા ૧ વર્ષ માટે બજેટ ફળવાતું હોય છે. પરંતુ પુરી યોજના પાછળ ફાળવેલ બજેટની કુલ રકમને ૫૦ ટકા માત્ર એની શરૂઆતમાં વેડફી દેવામાં આવ્યા છે અને બાકીની અડધી રકમમાં આ યોજના કઈ રીતે પાર પડશે તે એક પ્રશ્ન છે.

# ટેન્ડર બહાર પાડ્યા વિના બુકફેરનું કામ સોંપી દેવાયુ

અમદાવાદ, તા.૪

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય બુક ફેરનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે ચાલુ વર્ષે ૧ મે થી ૭ મે દરમિયાન બુક ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ આ બુક ફેર આયોજનના તમામ કામો કોર્પો. દ્વારા ટેન્ડર બહાર પાડ્યા વિના ગાંધી કોર્પોરેશનને સોંપી દેતા વિવાદ સર્જાયો છે. અમદાવાદ મ્યુનિ.કોર્પો. દ્વારા વર્ષ ૨૦૧૨થી રાષ્ટ્રીય બુકફેરની શરૂઆત કરવામાં આવી છે. જેમાં પ્રથમ બુકફેર ૧ મે ૨૦૧૨થી ૭ મે ૨૦૧૨ દરમિયાન વલ્લભસદન, સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયો હતો જ્યારે દ્વિતીય બુકફેર ૨૦૧૩માં યુનિવર્સિટી કન્વેશન સેન્ટર ખાતે યોજાયો હતો. ત્યારે ચાલુ વર્ષે પણ ૧ મે થી ૭ મે દરમિયાન બુક ફેર યોજાવવાનો છે. આ માટે ગાંધી કોર્પોરેશન દ્વારા પ્રપોઝલ રજુ કરી યુનિવર્સિટી કન્વેશન ખાતે બુકફેરના આયોજનનું કામ મેળવી લેવામાં આવ્યું છે.

# પન્નાલાલની વાર્તા ‘ઓરતા’ની નાયિકા પાનુ અને સ્ત્રીસશક્તિકરણ

## વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

જગતનો નાથ કસોટીઓ લેવામાં પ્રથમ નંબર છે, તેમાં પણ સ્ત્રીની પરીક્ષા લેવાનો તેને શોખ હોય એવું લાગ્યા કરે. પન્નાલાલ પટેલ જેવા સંવેદનાઓને ઝીલનાર ઉત્તમ વાર્તાકારે ગુજરાતનાં લોકોને અને તેમાં પણ સ્ત્રીજીવનને જાણે એમણે છાતીએ લગાડ્યું છે. માતામાં જેમ બાળકને જોઈ અમીધારા દોડી આવે તેમ પન્નાલાલને જગતજનનીનાં વલોપાત જોઈ વાર્તાના ઝરણાં ફૂટતાં હશે. એક અર્ધ્યએ મહાન વાર્તાકારને જેણે આપણને જીવતા શીખવાડ્યું.

પન્નાલાલ પટેલની ‘ઓરતા’ નામની વાર્તામાં ‘પાનુ’નું દર્દભર્યું અને છતાં હલકભર્યું જીવતર અવતર્યું છે. ઘડીકમાં ડુસકાં લેવડાવતી અને જરીકવારમાં મરક- મરક હસાવતી આ વાર્તામાં સ્ત્રીના મનની નજાકતતા અને મક્કમતા બંનેનાં દર્શન એક સાથે થાય છે. જાણે અજાણે પાનુના વકીલ થવાનું મન સૌ કોઈને થઈ આવે તેવું તેનું ચરિત્ર છે. તે સમયે ભણતરનું પ્રમાણ નહિવત અને તેમાંય સ્ત્રી શિક્ષણ તો લગભગ ન જેવું. તેવા કાળમાં પાનુ થોડું ભણેલી અને તેનાથી પણ વિશેષ તેનામાં હતી ચપળતા અને અલ્લડતા.

પતિદેવ ગગલે એકવાર તો પાનુને એટલી મારી કે કે શેરીમાં રમતા કિશોરોને જોઈને કોણ જાણે એને શું સૂજી આવ્યું કે ખાલી બેડુ બાજુએ મુકી એક કિશોર પાસેથીગીડીં લીધી અને દડાને બે વાર આસમાનમાં ઉડાડ્યો તો એકવાર જમીન પરથી સીધો ફટકાર્યો, જાય સન્નાટા કરતો ઊભી શૅરીએ.

પાનુનાં પતિથી આ રમત અને પોતાનાથી વધુ ચડિયાતાપણું સહન ન થયું. વળી અધુરામાં પુરું છોકરાઓએ કહી દીધું કે, ‘અલ્યા આવો દોટ તો ગગલભાઈ પણ ન ઉડાડી શકે હોં.’ સાસુમાએ પણ કહી દીધું : ‘આ કંઈ બૈરું ઓછું છે? આ તો પાડો!  અને પતિદેવ ગગલે એને ટીપી નાખી.

બીજે દિવસે જ સવારે પાનુ, એના કુમકુમવર્ણા અંગ ઉપર કેટલાક સોળ લઈ પિયરને પંછે પડી... ત્રણ માસનાં રિસામણાં પછી બીજીવાર સાસરે આવી ત્યારે પણ તેને માર પડ્યો, કારણમાં એવું બન્યું કે પાનુનો દિયર મીરાબાઈની ગરબી વાંચતો જોઈને પોતાને પણ મન થઈ આવ્યું. પાનુ વાંચવા લાગી પણ તે જ વખતે ઘરમાં ગાય પેસી ગઈને પાંચ સેર દળણું- બધું જ ખલાસ કરી જાત પણ ત્યાં તો ખેતરથી સાસુ આવ્યાં અને વિફર્યા : ‘જુઓ આ ગગલાની વહુએ કમાણી કરી? કોઈ શું જાણે કે બાઈ પાછાં ભણેલા છે? અને રાત્રે પરોણાનો માર અસહ્ય થઈ પડતાં પાનુ વીફરી બેઠી ‘હાય હાય, મારી નાખી રે...!’ આવી બૂમ સાથે ફટ કરતાક એણે પતિનું કાંડુ પકડી લીધું. ગગલે ઘણોય તડફફાટ કર્યો, પરંતુ સાંડસામાંથી સાપ છૂટે તો પાનુના પંજામાંથી કાંડુ ચસકે,’ પાનુ એ પોતાની હિંમતને કાબૂમાં રાખી. સાસુજીને બીક લાગી કે કદાચ આ તો ગગલને ગગન ભેગો કરી નાખે તો?

પાછી પાનુ બરાબર આઠ મહિના લગી પિયરમાં જ રહી, પણ એ આઠ મહિનામાં જએની ખરી કસોટી થઈ. પાનુનો અળવિતરાને એક જ જવાબ હતો.

‘છઠ્ઠીના લખિયા લેખ તે કેમ ટળશે રે,
મારી પેલા જનમની પ્રીત આવી મળશે રે..’

આ સાંભળી ઘણા આશકો, દ્રાક્ષને ખાટી કહેનાર શિયાળની જેમ એને, ‘આ તો બરાબર રોલું જ લાગે છે.’ આમ કહી એનું નામ મૂકતા તો કેટલાક વળી એના ઉપર આંધળાભીંત જ બની રહેતા. અલબત્ત આમાંથી કોઈ રસિક જીવ નીકળ્યો હોત ને પાનુને ટપી જાય એવી કોક ઉક્તિમાં સાચો જવાબ પાઠવ્યો હોત તો બનવાજોગ છે નાદાન પાનુ, જાણ્યે અજાણ્યે જ પ્રેયસી બની બેસત અને ... પણ આવું કંઈ બન્યું નહીં.

બન્યું એવું કે પાનુની ફળીમાંથી એક જુવાન અમદાવાદમાં નોકરી કરતો હતો એટલે એની વહુ કોઈ ભણેલાની પાસે અવારનવાર કાગળો લખાવ્યા કરતી. આજે પણ પેલા જુવાનને જવાબ લખવાનો હતો પણ પાનુ, ‘રાતે લખશે’ કહી, ભાઈને આગળ કરી ખેતરે આવી રહી હતી. ઝાકળિયે આવતાં જ ભાઈના દફતરમાંથી કાગળ પેન્સિલ કાઢ્યાં ને- એક બાજુ, ભાઈ અંદર બેસીને લેસન કરવા લાગ્યો જયારે બહેન બહાર બેસી ઘઉંના મોલ ઉપરથી પક્ષી ઉડાડતી ગઈ ને કાગળ ગોઠવતી ગઈ. કાગળમાં પાનુની સાચુકલી લાગણીઓ આકારીત થઈ. ગોકુળ આખું જાણે કે આ તો રાતનાં આવડાં કાળાં અંધારા છે પણ એ બિચારું શું જાણે કે આ તો રાધાના રુદેથી અવની ઊતર્યા.

કાગળ પહોંચી જાય છે પેલા અમદાવાદના જુવાન પાસે. પાનુને સાચે જ ગમ્મત કરવી હતી. એને તો એ ખ્યાલ પણ નહોતો કે પોતાનો કાગળ ‘મોહિની’ બની બેસશે ને નોકરી કરતો માણહ ‘ઠેઠ અમદાવાદથી’ તાબડતોબ રજા ઉપર ઘેર ઉતરી આવશે. પેલા જુવાનને લખાણ ઉપરથી જાણ થઈ ગઈ કે આ તો પાનુ એ જ લખેલ કાગળ છે. બબ્બે વાર વિના વાંકે ઢોરમાર ખાધા પછી અને યૌવનની ધોમધખતી સગદી સાથે આઠઆઠ માસથી પિયર બેસી રહ્યા પછીય આજ માત્ર ગમ્મત ખાતર જ લખતી હશે?અને તેય પ્રેમમાં પ્રેમમાં પડેલી પેલી સિનેમાની નટીનેય ટપી જાય એવા શબ્દોમાં!

પણ ઘેર આવી એકાંતમાં એ જયારે પાનુને મળ્યો ને પેટ પકડીને હસી રહેલી પાનુએ, ‘એ તો ગમ્મત હતી’ આમ કહ્યું ત્યારે તો માંડ માંડ બોલી શખ્યો. ‘અરે ગોઝારી! તું ગમ્મત ગમ્મત કરે છે પણ જરા એટલો તો ખ્યાલ કર કે હું આ દોઢસો ગાઉથી શ્વાસ ભર્યો- અહીં ઉતરી પડ્યો છું.

પણ મેં એમાં લખ્યું તો હતું કે આ બધું અમથું અમથું.- જુવાન અનુભવી હતો. હિમત ન હારતાં હસીને બોલ્યો. ‘બૈરું મનખે તો ત્યારે એમ જ લખે ને? પાનુ ને સાચા જ એક બાળકના બાપ ઉપર ચીડ ચઢી. ખાસ તો એટલા માટે કે પોતાને ટપી જાય એવી સુલક્ષણી નાર એના જ ઘરમાં હતી.

જુવાન બીજે દિવસે ગગલને મળવા પાનુની સાસરીયે પહોંચ્યો. સામસામે આક્ષેપો થયા, પણ ગગલ થોડી ઢીલો થઈને માની આગળ બોલ્યા. ‘જે આવે એની આગળ બસ આ જ વાત નથી તો તેડતી કે નથી એનું નામ મેલતી! પછી ચા મુકાઈ. છેલ્લે જુવાને ગગલને સમજાવતાં ક્હુયં કે : ‘ગગલભાઈ! લાખ વાતની એક જ વાત કે, જો આ બાઈથી હળીમળી જઈશ તો તું ય જાણીશ દોસ્ત, કે અવતાર આવ્યો તો કે આવશે વળી!... ગગલ ઘરે પહોંચ્યો કે તરત માએ વડિલોએ સલાહ પણ આપી.’ જો, સાસરીમાં તારા ઉપર ગમે તેટલા લૂગડાં ધોવાય પણ એક ચૂં સરખુંય કરતો નઈ મોકલવાની ના ના કરે તોય તારે એક અખ્ખરેય ના બોલવાનો...

પાનુને ત્યાં ગગલજી એકદમ સીધા.. બનીને પ્રવેશ છે. મજાકમાં પાનુની બધી સખીઓ ગગલભાઈને કહેવા જેવું બધું કહી દે છે. ગગલ બધું સાંભળે છે અને પાનુને એક બાજુ જઈને કહે છે : ‘થનાર વસ્તુ થઈ ગઈ. પણ હવે તો હુંય- કાંઈ ચાર તો નથી ખાતો- મનેખ છું માટે’- ‘બીજું તો કાં નથી કે’ તો પણ છેલ્લો ફેરો મારો આટલો વશવા કરી જો’ ‘જો ના પાડો તો તને મારા સમ છે- તારા ભાઈઓના સોગંધ છે.’

વાર્તાનાં અંતે પાનુ પહેલી વખતની જેમ રડતાં અડતાં વિદાય થાય છે. વળાવવા આવેલાં સૌએ કહ્યું, ‘ભગવાન એના ઓરતા પૂરા કરે.’

આજે જ્યારે સ્ત્રી શિક્ષણ વધ્યું છે છતાં કેમ સ્ત્રી પરના અત્યાચારો વધતાં જાય છે. તેનો જવાબ આ પાનુ આપી જાય છે. સ્ત્રી પોતે આંતરીક રીતે બહાદુર બને તો કોઈ પણ સમસ્યાને પાર કરી શકે. ફિલ્મોથી વિચારોની પરિપકવતા વધતી હોય તેવું ઓછું લાગે છે. આપણા વાર્તાકારોની સદાબહાર વાર્તાઓ સ્ત્રીને જગાડવાનું ઉત્તમ કાર્ય કરી શકી છે.